INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

અખબારી યાદી　　　　　　　　　　　　　　　　　　　　તા. ૨૬ એપ્રિલ, ૨૦૨૬

- રાજ્ય ચૂંટણી આયોગની અવ્યવસ્થા, અપૂરતી માહિતીના લીધે અનેક મતદારો રઝળી પડ્યા.
- મોટી સંખ્યામાં મતદાનની અપીલ કરનાર રાજ્ય ચૂંટણી આયોગને લીધે હજારો મતદારો મતના અધિકારથી વંચિત રહેવુ પડ્યું.
- રાજ્ય ચૂંટણી આયોગની વેબસાઈટ મુજબ જાહેર થયેલ મતદાન મથકોમાં રાતોરાત ફેરફારથી હજારો મતદારોને ધોમધગતા તાપમાં મતદાનમથક શોધવામાં થયા હેરાન-પરેશાન.

અમદાવાદ મહાનગરપાલિકા સહિતના મહાનગરોમાં ચૂંટણીના વિવિધ વોર્ડના મતદારોને પોતાના મતદાન મથકની વિગત ઓનલાઈન જોવા મળી ન હતી કારણ કે રાજ્ય ચૂંટણી આયોગની વેબસાઇટ ખૂબ જ ધીમી ગતિએ ચાલી રહેલ છે અને તેનાથી મતદારોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. સાથોસાથ છેલ્લા સમયમાં બુથની માહિતી અને મતદાન કેન્દ્રના ફેરફારથી અનેક મતદાતાઓ પોતાના મતાધિકારનો ઉપયોગ ન કરી શકે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે રાજ્ય ચૂંટણી આયોગની અપૂરતી માહિતીના લીધે અવ્યવસ્થા અને અરાજકતા ઊભી થઈ છે જે ઘણી જ ગંભીર બાબત છે. આજ પ્રકારની અનેક ફરિયાદો જેવી કે, બુથ ન મળવાના, મતદાર કેન્દ્રનો છેલ્લા સમયે ફેરફાર, મતદાન કેન્દ્રોને અતિ દૂર ફાળવણી કરવાની ઘટનાથી હજારો મતદારોને ખાસ કરીને વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગોને પણ મોટી મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા આપવામાં આવેલ લિન્ક ઉપરથી શોધવાનો પ્રયત્ન કરતાં મતદારની વિગત મળેલ છે પરંતુ તેમને મતદાન કરવા માટે કયા મતદાન કેન્દ્ર પર જવાનું તેની વિગત મળતી નથી. આવી અધૂરી વિગત મુકીને મતદારોને પોતાના અધિકારથી વંચિત રાખવાનું કાવતરું કરનાર જવાબદાર વ્યક્તિ સામે કડક પગલાં ભરવા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડીયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ માંગ કરી છે.

(ડૉ. મનિષ દોશી)
મીડીયા કન્વીનર અને પ્રવક્તા